પ્રિય માતાપિતા/વાલીઓ,

તમે જાણો છો એમ, કેનેડિયન યુનિયન ઑફ પબ્લિક એમ્પ્લોઇઝ (CUPE)એ એવી જાહેરાત કરી છે કે પ્રાંત અને 'કાઉન્સીલ ઓફ ટ્રસ્ટીઝ એસોસિએશન્સ' વચ્ચે વાટાઘાટો દ્વારા જો સામૂહિક કરાર નહીં થાય તો તેમના સભ્યો **સોમવાર 7 ઓક્ટોબર, 2019**થી નોકરી અંગે આગળની કાર્યવાહી કરવાના છે. **નોકરી અંગેનું નવું પગલું સેવાઓથી સંપૂર્ણપણે પાછા હટી જવાનું હશે, જે અન્યથા હડતાળ અથવા સભાત્યાગ તરીકે ઓળખાય છે.** હડતાળ દરમિયાન 18,000થી વધુ કર્મચારીઓ કામ પર નહીં હોય, જે 'ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ'ના કર્મચારીઓની સંખ્યાના લગભગ અડધો અડધ થાય છે. આ કર્મચારીઓ મોટેભાગે શાળાઓમાં કામ કરે છે.

જો નોકરી અંગેની આ આગળની કાર્યવાહી સમયપત્રક અનુસાર શરૂ થશે, તો બોર્ડ **તમામ શાળાઓ તમામ વિદ્યાર્થીઓ માટે સોમવાર 7 ઓક્ટોબર, 2019ના રોજ અને નોકરી અંગેની કાર્યવાહીના સમયગાળા માટે બંધ કરશે.** અમે એ સમજીએ છીએ કે આ પડકારરૂપ સમય છે, વાલીઓએ પોતાનાં સંતાનો માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવાની આવશ્યકતા રહેશે. આ એવો નિર્ણય નથી જે અમે હળવાશથી લીધો છે અને અમે શાળાઓ ખુલ્લી રાખવાના સંભવિત આકસ્મિક આયોજન તપાસ્યાં છે. વિદ્યાર્થીઓની દેખરેખ અને સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને શાળા-આધારિત કર્મચારીઓની અગત્યની સેવાઓ વિના, અમે ખાત્રી નથી આપી શકતા કે તમામ વિદ્યાર્થીઓ માટે અમારું શૈક્ષણિક વાતાવરણ સલામત અને સ્વચ્છ રહી શકશે.

કર્મચારીઓ, જેઓ CUPEના સભ્યો છે, તેઓ કટોકટીભરી દૈનિક સેવાઓ પૂરી પાડે છે જેમાં સમાવિષ્ટ છે (પણ એટલા પૂરતી મર્યાદિત નથી)

- મકાન અને શાળાની સલામતી અને સુરક્ષા;
- લંચરૂમની દેખરેખ;
- કિન્ડરગાર્ટનના આખા દિવસના વર્ગખંડોના શૈક્ષણિક સહાયકો
- વિશિષ્ટ આવશ્યકતાવાળા વિદ્યાર્થીઓ માટે દેખરેખ રાખનાર અને સહાયક
- સલામત પાણીની ચકાસણીઓ;
- શૌચાલયો અને પાણીના ફુવારાની સફાઇ;
- હિટીંગ સિસ્ટમનું સંચાલન અને
- સલામત આગમન કાર્યક્રમો

આ પગલાની કાર્યવાહી દરમિયાન, CUPEના બિન-સભાસદ કર્મચારીઓ શાળાઓ અને વહીવટી કેન્દ્રોએ કામ પર હાજર રહેવાનું ચાલુ રાખશે.

જો હડતાળનું પગલું સોમવારે શરૂ થાય તો વિદ્યાર્થીઓ માટે શાળાઓ બંધ રહેવા ઉપરાંત નીચે જણાવેલ કાર્યક્રમો અને સેવાઓ પણ અસર પામશે:

**TDSB શાળાઓમાં 'થર્ડ-પાર્ટી ચાઈલ્ડ કેર' સંચાલકો**

આખી હડતાળના પગલા દરમિયાન જ્યારે શાળાઓ વિદ્યાર્થીઓ માટે બંધ હશે, TDSB શાળાઓ સ્થિત 'થર્ડ-પાર્ટી ચાઈલ્ડ કેર' સંચાલકોને ખુલ્લા રહેવાની પરવાનગી હશે. છતાં, કામકાજના કલાકોને **સવારે 8 વાગ્યાથી સાંજના 4:45 સુધી** સમાયોજિત કરવામાં આવ્યા છે. **એ નોંધવું અગત્યનું છે કે તે ખુલ્લા રાખવા કે બંધ એ અંગેનો નિર્ણય વ્યક્તિગત 'ચાઈલ્ડ કેર' સંચાલકો દ્વારા કરાશે. પુષ્ટિ કરવા અને વધુ માહિતી માટે મહેરબાની કરીને તમારા બાળકના 'ચાઈલ્ડ કેર' સંચાલક સાથે સીધો સંપર્ક કરશો.**

'ચાઈલ્ડ કેર' સંચાલકો દ્વારા અપાતી મોટાભાગની સેવાઓ CUPEની હડતાળથી સીધી અસર પામતી નથી. તેમ છતાં, કેટલાક TDSB CUPE કર્મચારીઓની જવાબદારીઓ આ 'ચાઈલ્ડ કેર' સુવિધાઓ ખોલવા અને બંધ કરવા અંગેની હોય છે. પ્રબંધનના મર્યાદિત કર્મચારીઓ વડે આ કામગીરીઓ નિભાવવાના હોઈ, અમે 'ચાઈલ્ડ કૅર ઓપરેશન્સ'ને ખુલ્લાં રાખવા શક્ય એટલા શ્રેષ્ઠ પ્રયત્ન કરી રહ્યા છીએ, પરંતુ મર્યાદિત કામના કલાકો સાથે.

**TDSB Extended Day Programs (ટીડીએસબી એક્સટેન્ડેડ ડે પ્રોગ્રામ)**

સંપૂર્ણ હડતાળના પગલા દરમિયાન જ્યારે શાળાઓ વિદ્યાર્થીઓ માટે બંધ છે, 'ટીડીએસબી એક્સટેન્ડેડ ડે પ્રોગ્રામ્સ' (TDSB-operated Extended Day Programs) પણ તમામ પરિવારો માટે બંધ રહેશે. બાળકોની સંભાળ લેતી આ સેવાનું સંચાલન CUPE કર્મચારીઓ દ્વારા થાય છે. મજુર વિક્ષેપન દરમિયાન બંધ રહેવા બદલ માતાપિતા/વાલીઓને પરત ચુકવણી કરવામાં આવશે.

TDSB- સંચાલિત Extended Day Programsની સંપૂર્ણ યાદી જુઓ

**પરવાનગીઓ - Permits**

સંપૂર્ણ હડતાળના પગલા દરમિયાન, તમામ શાળાઓની અધિકૃત મનોરંજન કાર્યક્રમો સહિતની પરમીટ્સ (પરવાનગીઓ) રદ કરવામાં આવી છે.

**સતત શિક્ષણ - Continuing Education**

સંપૂર્ણ હડતાળના પગલા દરમિયાન, સતત શિક્ષણના તમામ વર્ગો રદ કરવામાં આવ્યા છે. તેમાં આનો સમાવેશ થાય છે Adult ESL (એડલ્ટ ઈએસએલ), Adult High Schools (એડલ્ટ હાઈ સ્કૂલ્સ), Credit Programs (ક્રેડિટ પ્રોગ્રામ્સ), Community Programs/Learn4Life(કૉમ્યુનિટી પ્રોગ્રામ્સ/લર્ન 4લાઈફ), અને International Languages Elementary/African Heritage (ઈન્ટરનેશનલ લેન્ગ્વેજ એલિમેંટરી/આફ્રિકન હેરિટેજ).

**બેઠકો**

સંપૂર્ણ હડતાળના પગલા દરમિયાન નીચે જણાવેલી બેઠકો રદ થશે: 'સ્કૂલ કાઉન્સિલ'ની બેઠકો, સલાહકાર સમિતિની બેઠકો અને 'વોર્ડ ફોરમ્સ'.

જો કે પ્રાદેશિક વાટાઘાટોમાં TDSB સીધું સામેલ નથી હોતું, છતાં બોર્ડ આશાવાદી રહે છે કે સોમવાર 7 ઓક્ટોબર, 2019 પહેલાં નવો કરાર થઈ જશે. જો કરાર થઈ જશે તો સોમવારે શાળાઓ રાબેતા મુજબ ખુલી હશે.

અમે સપ્તાહના અંતમાં માતાપિતા/વાલીઓને અદ્યતન માહિતી પૂરી પાડવા પ્રતિબધ્ધ છીએ.

પ્રવર્તમાન અદ્યતન વિગતો અને નવિનતમ માહિતી માટે મહેરબાની કરીને www.tdsb.on.ca/labour ચકાસવાનું અને ટ્વીટર પર @tdsbને અનુસરવાનું ચાલુ રાખશો.